Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

શ્રી જૈન ધર્મ પ્રકાશ

આ સો

સ્વ. કપુરવિજયજી મહારાજ

અંક ૧૨ સંવત ૨૦૩૪ તા. ૭મી નવેમ્બર ૧૯૭૮ પુસ્તક ૯૪

: પ્રગટ :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૮૭ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

—: अनुक्रमणिक :—

ક્રમ	લેખ	લેખક	પાના નં.
૧	દીપક		૩
૨	જાણનારને જાણો	રતિલાલ માણેકચંદ શાહ	૪
૩	સંતવાણી	રતિલાલ માણેકચંદ શાહ	૬
૪	ઇચ્છામિ	શ્રી વોરા રતીલાલ જેચંદભાઇ	૭
૫	ત્રણ મનોરથ		૮
૬	કર્પુર સૌરભ	અમરચંદ માવજી શાહ	૯
૭	આગમ શાસ્ત્રી	રતિલાલ માણેકચંદ શાહ	૧૩
૮	મનનો અંધકાર કેવી રીતે દૂર કરશો	શા. દીપચંદ જીવણ	૧૫
૯	ભૂખ્યાને ભોજન	અમરચંદ માવજી શાહ	૧૬

આંસુનો ઉપદેશ

જખતના એ પ્રસિદ્ધ પ્રવચનકાર પાસે મેં નીતિનાં અનેક પ્રવચનો સાંભળ્યાં, પણ મારા પર એ ભવ્ય ઉપદેશોની અસર જરા પણ ન થઇ એ ઉપદેશોની અસર મારા પર કેમ ન થઈ? એ માટે મને અતિદુઃખ થયું અને અતિવેદનાનાં ઉનાં ઉનાં આંસુ ખરવા લાગ્યા.

પણ ત્યાં તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. ખરતાં આસું બોલી ઉઠયાં ભોળા! રડે છે શા માટે? રડવાની જરૂર તારે કે પેલા પ્રવચનકારને? મેં નમ્ર બની પુછયું ઓ પાપને ધોનારા પવિત્ર આંસુઓ ઉપદેશક શા માટે રડે કારણકે અનીતિના સિંહાસન પર બેસી, એ નીતિનો ઉપદેશ આપે છે લસણનો અર્ક છાંટી એ ગુલાબના અત્તરની વાત છેડે છે. અને પછીતો ખરતું છેલ્લું આસુ સાચા મોતીના રૂપમાં ફેરવાઈ ગયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૯૪મું
અંક ૧૨

આસો

વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૪

દી...પ...ક

ચારિત્ર-સંયમ શીલનો દીપક જેના હૃદયમાં જલતો છે એવા તેજસ્વી પુરુષો જ બીજા પર, સદા-સર્વદા-સર્વત્ર વર્ચસ્વ ભોગવી શકે છે. બીજા તો વિજળીના જેવો ક્ષણજીવી ચળકાટ પાથરી અન્ધકારમાં અદશ્ય બની જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણનારને જાણો

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

આત્મા ચેતન છે, જ્યારે કર્મો જડ છે, પણ તે કર્મોને દુર કરવાનો પુરૂષાર્થ મંદ હોવાને કારણે આત્માનો પ્રકાશ બહારમાં જણાતો નથી જેમ કે સ્ફટિક મણિ પર અનેક ધાગાઓ વીંટાળવામાં આવે તેથી તેનો પ્રકાશ અવરાય પણ તે તો મૂળ સ્થિતિમાં જે પ્રકાશમાન છે, તેવું જ રહે છે ધાગાઓને જ્યારે દુર કરવામાં આવે છે ત્યારે તે જેવું છે તેવું જ ઝળહળે છે, તેમાં કાંઇ ફેર પડતો નથી. તે પ્રમાણે જ્યારે આત્મા વિભાવ-દશામાંથી ગુલાંટ મારી સ્વસ્વરૂપ તરફ દ્રષ્ટિ દે છે અને તેનું અનુસંધાન કરી, અંશે અનુભૂતિ કરી સમકિતનો આવિષ્કાર કરે છે અને તે પથ પર પ્રયાણ કરતાં અને પુરૂષાર્થને તે તરફ ફેરવતા આત્મામાં રમણતા કરતાં કરતાં છેવટે શુકલ ધ્યાન ધાવી પૂર્ણતાએ પહોંચે છે એટલે કે સ્વગુણોનું સંપૂર્ણ પ્રગટી કરણ કરે છે કેવળ જ્ઞાનનો આવિષ્કાર કરે છે. તે ગુણો કાંઇ બહારથી લાવવા પડતા નથી. તે તો આત્માના જ ગુણો છે અને તેમાં જ છલો છલ ભરેલા પડેલા છે. જરૂર છે તેનો પ્રગટી કરણની એટલે તે આત્મા સ્વગુણોથી પોતાના શુદ્ધ સ્વરૂપનું પ્રગટી કરણ કરે છે કારણ કે ગુણ-ગુણીને અભેદ ભાવ હોય છે જે છે તેનું જ પ્રગટી કરણ કરવાનું છે. જોન હોય તો પ્રગટે નહિ. છે માટે જ પ્રગટે છે જરૂર છે તેના પ્રગટી કરણની તે તરફનો પુરૂષાર્થ ફેરવવાની.

આત્માની અનંતી શકિત છે, પણ તે પોતાની શકિતને ભૂલીને બહારમાં ફાંફાં મારે છે, છે પોતાનામાં અને ખેળે છે બહાર તો, તે કયાંથી મલે? અનંત શકિતનો ધણી આત્મા, રાંકો બનીને, લાચારી ભોગવતો જ્યાંતા ઝાંવા નાખતો, ચાર ગતિના ચક્કરમાં ધુમ્યા કરે છે. તે ધારે તો ક્ષણાર્ધમાં અનંતજ્ઞાન-સુખ અને આનંદનો આવિષ્કાર કરી શકે છે. એવી અમોધ શકિત એનામાં ઠાંસો ઠાંસ ભરેલી પડી છે, પણ તે મૂર્ખાને ખબર નથી એટલે કોઇ મારૂં ભલું કરી દે, કોઇ મારો ઉદ્ધાર કરી દે તેમ પરવશ પડી સંસારમાં આળોટયા કરે છે અને આવનજાવન કર્યા કરે છે તેને સાચો રસ્તો સૂઝતો નથી અને તેનું પરિભ્રમણ અવિરત ગતિએ ચાલ્યા જ કરે છે.

અને શુભાશુભ કર્માનુસાર, જીવને શુભાશુભ ગતિ પ્રાપ્ય બને છે. તેમાં નારકીમાં એટલી તીવ્ર વેદના હોય છે કે ત્યાં અહોનિશ આકુળતા વ્યાકુળતા જ રહે છે અને અત્યંતવેદનાને કારણે તેને બીજું કાંઈ યાદ આવતું નથી નિતાંત તેની દ્દષ્ટિ દુ:ખ પર જ રહે છે. ત્યારે બીજી ગતિ તે તિર્યંચ ગતિ છે, ત્યાં પણ પરાધિનદશા, સખ્ત મજુરી, વાચાંનું ઠેકાણું નહિં. ભૂખ-તરસમાં તરફડવાનું, ખડાદિ નિરેતો ખાવાનું નહીં-તર ભૂખ્યા પડયા રહેવાનું પાણી આપેતો પીવાનું નહીંતર તૃષામાં તરફડવાનું આ પ્રમાણે તે ગતિમાં પણ અનંતા દુ:ખો ભોગવવાના એટલે ત્યાં પણ ધર્મ આચરી શકાતો નથી. દેવગતિમાં અનંત સુખ ભોગવવાનું પણ તે પ્રત્યેક ભૌતિક સુખો હોય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે એક સમયે પાછા છોડવા પડે છે, એટલે તે ભૌતિક સુખમાં મસ્ત બનીને મહાલે છે, તેને ધર્મ આચરવાનું યાદ જ આવતું નથી. એક મનુષ્ય ભવજ એવો છે કે આત્મા ધારે તો પૂર્ણતાએ પહોંચી શકે છે. એટલે જ મનુષ્યજન્મને શ્રેષ્ઠ જન્મ કહ્યો છે. જે દેવને પણ દુર્લભ મનાય છે. અને માનવીને વિશેષમાં બુદ્ધિ પણ મળેલી છે; જ્યારે તિર્યંચાદિ ગતિમાં સવિશેષ તેનો અભાવ હોય છે

અક્ષય અને શાશ્વતસુખ જે સિદ્ધમાં છે, તેવું જ આપણા આત્મામાં છે. પણ તે સુખનો આવિર્ભાવ આપણો આત્મા કેમ કરી શકતો નથી ? તેનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે સેવતો આવ્યો છે તે અજ્ઞાનમાં અથડા તો હોવાથી સાચા રાહ પર હજુ સુધી આવ્યો જ નથી, એટલે તે ચારગતિનાચક્રમાં ચકાવો લઇ રહ્યો છે. અનાદિની ઉંધી માન્યતામાં રાચી, દ્રષ્ટિ ઉપર શાખી રખડી રહ્યો છે હવે જો તે વિ. ભાવમાંથી સ્વભાવમાં આવે, અજ્ઞાનતામાંથી જ્ઞાનમાં આવે અંધકારમાંથી પ્રકાશમાં આવે તો, સાચો રાહ મલે, અને મળથી આપણો આત્મા તે મિથ્યાત્વ પથપર પ્રયાણ કરતાં પૂર્ણતાએ પહોંચે, પણ જ્યાં સુધી સાચો પંથ પકડ નહિ ત્યાં સુધી આંધીમાં અટવવાનું જ રહે માટે પ્રથમ મિથ્યાત્વને મારવાની જરૂર છે.

એક દિવસે એક શિષ્યે ગુરૂને પુછયું કે, હે ગુરૂદેવ ? આ જગતમાં અનેક લોકો, શાસ્ત્રનું વાંચન કરે છે, શ્રવણ. મનન કરે છે. ધાર્મિક અનુષ્ઠાનો પણ યોજે છે, છતાં તેઓમાં આત્મજ્ઞાન કેમ પ્રાદુર્ભૂત થતું નથી ? ગુરૂએ કહ્યું કે, હે શિષ્ય ! સમડી ક્ષિતિજમાં ઉડતી હોય છે. પરંતુ તેની દ્રષ્ટિ તો ધરતી પર કયાં માંસનો લોચો પડયો છે તેના પર જ હોય છે. તેમ માનવી ગમે તેટલા શાસ્ત્રોનું અધ્યન શ્રવણ કરે મનન કરે, ચિંત્વન કરે. ધાર્મિક અનુષ્ઠાનો યોજે પણ તેનિ દ્રષ્ટિ તો નિતાંત દેહ પર જ રહેલી છે, તે શરીરને હું માનીને ચાલે છે જે તેની અવળી ચાલ છે, એટલે પોતાના શુદ્ધ સ્વરૂપ તરફ તેની દ્રષ્ટિ જતી નથી જે વિભાવ દશા છે તે તિભાગ દશાને વિસારી સ્વભાવ તરફ દ્રષ્ટિ દેવી તેજ સાચો રાહ છે, પથ છે, અજ્ઞાનના અંધકારમાં માનવી અટવાઇને અથડાઇ રહ્યો છે. તેથી અધ્યાત્મ માર્ગનો સાચો પથ તેને જડતો નથી. માખી જેમ તેના મુખમાં રહેલ ગળફાળને વાગોળ્યા કરે, ત્યાં સુધી તે મીઠાઈનો સ્વાદ કયાંથી માણી શકે ? પછી ભલે તે મીઠાઇના ઢગલા પર કેમ ન બેઠી હોય ? તેમ માનવીએ દેહનેજ 'હુ' માની લીધો છે અને ચોવીસે કલાક તેની આળપંપાળ પાછળ ગુમાવે છે તેને આત્માના અનંત સુખનો આસ્વાદ કયાથી આવે ? માટે હે બંધુઓ ! તમે આત્મ લક્ષે સાધના આચરો તે તરફ દ્રષ્ટિ દો, દેહને ભુલી જાવ એ તો આત્માને સંયોગે મળેલી ચીજ છે, જે એક દિવસે છોડવાની જ છે તો તેના પ્રત્યે આટલો રાગ શો, મોહશો ? જે અનંતા બંધનો ઉભા કરે છે અને ભવા અટવીમાં ભટકાવી મારે છે. જે ભયંકર દુઃખોનું પ્રદાન કરે છે શરીર તો જડ છે અને આત્માજ્ઞાન દ્રષ્ટી, માટે જાણનારને જાણો. અનુભવો અને આગળ વધો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંત-વાણી

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

(૧) તમે આત્મ દીપ બનો, તમે આત્મ શરણ બનો,
તમે ધર્મ દીપ બનો, તમે ધર્મ શરણ બનો,

(૨) નિત્ય બળતા અગ્નિમાં, આ હાસ્યને આનંદ શા?
અંધારે અથડાતા હે, શોધો દીવો ન કાં ભલા?

(૩) પજ્ઞા શીલં સમાહિ, શુદ્ધ ધર્મકા સાર,
કાયા વાણી ચિત્ત કે, સુધરે બસ વ્યવહાર.

(૪) શીલ ધર્મ પાલન ભલા, સમ્યક ભલી સમાધિ,
પ્રજ્ઞા તો જાગૃત ભલી, દૂર કરે ભવ વ્યાધિ

(૫) શીખવે સમજાવે ને, નિવારે જે અયોગ્યને,
સુજ્ઞને એ પ્રિય થાય, અપ્રિય એ અસુરોને.

(૬) સારને સાર જે જાણે, જે અસાર અસારને,
લાભે એ સારને, એના સત્ય દર્શનને કારણે,

(૭) અંધ ભક્તિના ધર્મ હૈ અંધ વિશ્વાસ ।
બિના વિવેક શ્રદ્ધા જગે, કરે ધર્મ કાનાશ ॥

(૮) સમ્યક દર્શન કે બિના, સમ્યક જ્ઞાન ન હોય,
બિન દર્શન બિન જ્ઞાન કે, સમ્યક ચરિત ન હોય.

(૯) ધર્મ પાલન મેં જહાં, જો જો બાધક હોય ।
મોહે જીતને પ્રિય લગે, ત્યાગે નિર્મળ હોય ॥

(૧૦) શબ્દ બિચારા કયા કરે? અર્થ ન સમજે કોય ।
અર્થ બિચારા કયા કરે? ધારણ કરે ન કોય ॥

(૧૧) પ્રમાદે મગ્ન રહેવું ના, ના સેવો કામની રતિ,
અપ્રમત અને ધ્યાની, પામે છે વિપુલ સુખ.

-卐-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ- શ્રીયુત વોરા રતીલાલ જેચંદભાઇ

હે નાથ ! હે પ્રભુ ! જો મે આજના દિવસ સંબંધી મન, વચન, કાયાની માઠી પ્રવૃત્તિ, માઠા અધ્યવસાય, માઠી વિચારણા ચિંતવના કરી, મારા આત્માને કર્મથી મલિન લેપાયમાન ભારે બનાવ્યો હોય તો એ પાપ દેષથી મુકત થવા માટે :—

ઇચ્છામિ ! ઇચ્છું છું હે નાથ ! હે સમય સમયના જાણુ ! એ મારા પાપ દોષ, કુકર્મો તમારાથી ગુપ્ત, છાના નથી, છતા પણ મારા આત્માની હિલણા નંદાને અર્થ પ્રાયશ્ચિત બુદ્ધિએ મારા પાપ પ્રકાશુ છું. જેવા કે ઉસુ–તો ઉમગ્ગો ઉતૂ સુત્રની પરૂપણા કરી હોય, બુદ્ધિના જોરે સુત્રના અવળા અર્થ કરી કોઈ ભોળા ભદ્રિક જીવની શ્રદ્ધા ડગાવી હોય, કોઇને ઉંધો રસ્તો બતાવી ખોટે માર્ગે દોરી ખાડામા, નુકશાનમાં પાડયા હોય, આર્ત ધ્યાન રૌદ્રધ્યાન કરી મારા આત્માનું બગાડયું હોય, કોઈનું બુરૂ ચિંતવી, બુરૂ કરવાનો પ્રયત્ન કરી પાપકારી કર્મો ઉપાર્જી નારકી, તિર્યંચની ગતિના બંધ પાડયા હોય, ચાર કષાય ! ક્રોધ, માન, માયા, લોભ તેને વશ રાખવાને બદલે મેં એ કષાયને આધિન બની મહાક્રોધ, માન, માયા, લોભ, છળ કપટ, પ્રપંચ, કરી પાપના પિંડ એકઠા કર્યો હોય ત્રણ ગુણવૃત્ત, ચાર શિક્ષાવ્રત, પાંચ અણું વૃત આવો બાર પ્રકારનો ઉત્તમ શ્રાવક ધર્મ, એની મેં ખંડના, વિરાધના કરી હોય કોઈ જાતના વૃત પચ્ચખાણ લઇને તો ડયાં હોય, બાધાઓ લઇને સ્વછંદે મનસ્વી પણે ભાંગી હોય કે પડતી મુકી હોય હે પ્રભુ, શું કરું ? મેં ઉપર કહ્યા તેવા અને એવા અનેક પ્રકારના પાપ દોષ જાણુતા અજાણુતા મન, વચન કાયાના યોગે સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવાતા પ્રત્યે અનુ- મોદયા હોય, તો અરિહંત સિદ્ધ ભગવંતની સાક્ષી એ મિચ્છામિ દુક્કડમ.

ત્રણુ મનોરથ

(૧) શ્રાવકજી અહરનિશ દિન પ્રત્યે પ્રતિદિન ત્રણ મનોરથ, ત્રણ ભાવનાના ચિતવનાર હોય પહેલો મનોરથ, પહેલી ભાવના એમ ભાવે કે હે નાથ ! હે દિન દયાળ દિનબંધુ ! હુ અનંત કાળથી અજ્ઞાનપણે મહાઆરંભ, સમારંભ કરી મહા પરિગ્રહ વધારી મહા મોહમાં અંધ બની ક્રોધ, માન, માયા લોભ. રાગ-દ્વેષ રૂપી કશાયને આધીન થઈ, આ અસાર સંસાર સમુદ્રમાં રખડી રહ્યો છું. રઝળી રહ્યો છું, જન્મ જરા, મરણુ, આધિ–વ્યાધી અને ઉપાધી ભોગવી રહ્યો છું. પણ કયાંય પાર પામ્યો નહિ.

હે નાથ ! આમ અનંત કાળથી રખડતા રઝળતા કર્મના પરિપાક ચાખતા, કોઈ શુભ કર્મના ઉદયે કરી પુણ્યના જોગે કરી, હે નાથ ! હે દયાળું ! આપની કૃપાએ કરી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્ય દેહ; સર્વ ઇન્દ્રિય સંપૂર્ણ ઉતમ-આર્ય ક્ષેત્ર સર્વો ઉત્કૃષ્ટ એવો જૈન ધર્મ પામ્યો છું. તો આવી છતી રિદ્ધિએ, છતી જોગવાઈએ હજુ એ મારા અનાદિ કાળના ઉલટા સ્વભાવને વશ થઇ, આળસ કરી, પ્રમાદ સેવી, ગાફેલ રહી આ રત્ન ચિંતા મણી સમાન મનુષ્ય જન્મ હારી ન જાઉં. મારો આ ફેરો નિષ્ફળ ન જાય. એ માટે હે નાથ! હે દિનદયાળ મને એવી સદ્દ બુદ્ધિ આપો એવી સંનમતિ સુઝાડો જેથી એમ સમજાય કે આ મહા આરંભ સમારંભ દુઃખનું કારણ છે. મહા પરિગ્રહ, મહા મોહ સંસાર ચક્રમાં અનંત કાળ રખડાવશે એવું જાણી મહા આરંભ સમારંભ છાંડું, મહા પરિગ્રહ, મહા મોહ ત્યાગું, શ્રાવકના બાર વૃત અંગીકાર કરૂં એ દિન તે ઘડી હું મારી લેખાની ગણીશ બરબરા છે.

(૨) શ્રાવકજી બીજી ભાવના એમ ભાવે હે નાથ! હે દિનદયાળ હે દિનબંધુ! હું આવુ બાર વૃત ધારી શ્રાવકપણું અંગીકાર કરી કાળક્રમે, મારો આત્મા દ્રઢ, જોરાવર થઇ શકે, સાધુ પણ અંગીકાર કરૂં, પંચ મહાવ્રત ધારણ કરૂ, વિશુદ્ધ ચારિત્ર વડે નવા કર્મો આવતા અટકાવતો થકો, જ્ઞાન સહિત સમજણ પૂર્વક તપાદિ ક્રિયા કરીને મારા પૂર્વના કર્મો ખપાવતો થકો રાગ, દ્વેષ રહિત પણે જગતના સર્વ જીવો ઉપર સમભાવ સમદષ્ટિ રખતો થકો, છકાય ના જીવોને સર્વથા રક્ષા દયા, અનુકંપા આણ તો થકો કયારેક વિચારીશ! હે નાથ! આવું અપૂર્વ સાધુ પણું પૂર્વે કદી નહિ પ્રાપ્ત થયેલું મને આ દેહે આ જન્મમાં જ પ્રાપ્ત થાય તે દિન તે ઘડી હું મારી લેખાની ગણીશ, લેખાની ગણીશ.

(૩) શ્રાવકજી ત્રીજી ભાવના એમ ભાલે કે હે નાથ! હે દિનદયાળ!! હે દિન-બંધુ!!! હું મારા કાળના અવસરે, મરણના અવસરે, આળોઇ પડિક્કમિ, નિંદી, નિશલ્ય થઇ સંસારની સર્વપ્રકારની સાવધ એટલે પાપકારી ક્રિયાઓથી મુકત થઈ સંથારો કરી શુદ્ધ ભાવે સમતા પરિણામે મૃત્યુને અણ વાંછતા થકો, જીવતરની ઈચ્છા રહિત પણે આ દેક આ મારા શરીર પરની મુદર્વ-મમતા તજી દઇને સમાધિ મરણે પંડિત મરણે, સકામ મરણે કયારે મરીશ? હે નાથ! આવો અપૂર્વ પંડિત મરણ અને અવશ્ય મેળ પ્રાપ્ત થાઓ, પ્રાપ્ત થાઓ, તે દિન, તે ઘડી હું મારી લેખાની ગણીશ, લેખાની ગણીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(હપ્તો ૬ આનુ) પ્રસારક – અમરચંદ માવજી શાહ

૭૯ શરીર નિરોગી હોય તો જ સર્વ સાધન સારી રીતે કરી શકાય છે, તેથી શરીરનું આરોગ્ય ટકી રહે છે અને સામર્થ્યમાં વધારો થવા પામે એવા નિર્દોષ ઉપાયો કુશળ શાસ્ત્રકારોએ કહેલાં યથાર્થ સમજી, મને આદરી તેનો સાક્ષાત અનુભવ મેળવી, તેનો લાભ પોતાનાં બહોળા કુટુંબને આપવા કાળજી રાખવી

૮૦ દરેક ભવ્ય આત્માને યોગ્ય કેળવણી આપવામાં આવે તો તેમાં ગુપ્ત રહેલી અનંતી જ્ઞાનાદિક શક્તિ પ્રગટ થઇ શકે એટલે દરેક આત્મા પરમાત્મા રૂપી બની શકે, છતાં યોગ્ય કેળવણીની ખામીથીજ પરમાત્મા જેવું સ્વરૂપ ઢંકાઈ રહે છે, તેને પ્રગટ કરવા પ્રયત્ન કરવો જરૂરનો છે. તેમાં બનતી મદદ કરવી તેના જેવું પારમાર્થિક કાર્ય ભાગ્યે જ બીજું હોઈ શકે.

૮૧ ઈન્દ્રિય દમન, કષાય નિગ્રહ, હિંસા દિ પાપ વૃત્તિનો ત્યાગ તથા મન-વચન અને કાયા ઉપર પૂરતો કાબુ રાખવા રૂપ સયમ કહો કે આત્મ નિગ્રહ જ સર્વ પ્રકારની ઉન્નતિનું પ્રબળ સાધન સમજી સ્વપર ઉન્નતિના અર્થી જનોએ તેમાં પ્રમાદ રહિત યથા યોગ્ય આદર કરવા ઘટે

૮૨ પ્રથમ વયમાં (બાળપણમાં) જેણે વિદ્યા સંપાદન કરી નહિં, બીજી વયમાં (જુવાનીમાં જેણે ધન પેદા કર્યું નહિં અને ત્રીજી વયમાં જેણે ધર્મનું સેવન આરાધન કર્યું નહિં તે વૃદ્ધ વયમાં શું કરી શકવાનો ? તેવી જીંદગી વૃથા નકામી ગયેલી સમજવી

૮૩ રાગાદિક કલેશથી વાસિત થયેલું ચિત્તજ ખરેખર જન્મ મરણ અન્ય સંસાર રૂપ છે અને તે અનાદિક વિકારથી અથવા મુકત થયેલું મન જ મોક્ષ રૂપ છે

૮૪ જેઓ મન-વચન-અને કાયાના સંયમ વડે ઉત્તમ ધ્યાન કરવામાં તત્પર હોય, સદાચારનું આચરણ કરનારી હોય, જ્ઞાનની સંપદાથી મુકત હોય, તથા સર્વપ્રાણી વર્ગ ઉપર કરુણાવંત હોય તે સુપાય કહેવાય છે.

૮૫ "નિતી એ ધર્મની પરિચારિકા છે." ધર્મની પહેલાં નિતી હોવી જ જોઈએ, માણસે પોતાના સાધ્યને સિદ્ધ કરવા માટે કોઈપણ દિવસ નિતીથી નિતીના માર્ગથી ચ્યુત થવું ન જોઇએ.

૮૬ દરેક જણ પાસેથી કાંઈક પણ સદ્ગુણ ગ્રહણ કરવાનો પ્રયાસ કરો, તેની ભૂલો-ખામીઓ તરફ ન જુઓ. તેની ઉજળી બાજુ જુઓ. દરેક ચીજ આપણને શિખામણ લેતાં આવડે તો આપી રહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮૭ કદાપિ સત્ય છોડો નહીં અને અસત્ય વધે નહીં બીજાની સાથેના વ્યવહારમાં હંમેશા સાચાને પ્રમાણિક બનો. મશ્કરીમાં અસત્ય ન આવે તેવો પ્રયાસ કરો. માયા મૃષા કદાપિ ન જ સેવો.

૮૮ થોડાંક પણ તત્વજ્ઞાનનો અને આધ્યાત્મિક ગ્રંથો રોમ રોમ વ્યાપી, ચારિત્રમાં ઉતરે ત્યાં સુધી પ્રયત્ન, કાળજી અને મનન પૂર્વક વાંચવા કરવા જેવા હોય છે. વાંચન મનુષ્યને સંપૂર્ણ બનાવે છે, લેખન તેવે ચોક્કસ બનાવે છે. કવિતા તેને રસિક બનાવે છે. તત્વજ્ઞાન ઉંડી બુદ્ધિવાળો બનાવે છે. વાતચીત તેને તૈયાર કરે છે ઈતિહાસ તેને ડાહ્યો બનાવે છે, નીતિ શાસ્ત્ર તેને ગંભીર બનાવે છે. ન્યાય અને અલંકાર શાસ્ત્ર વાદવિવાદની શક્તિ આપે છે

૮૯ હાલ અપાતા ધર્મ શિક્ષણથી પોપટીયું જ્ઞાન માત્ર મળે છે, તેનું કારણ સમજણ વગરનું ગોખણ માત્ર કરાવાય છે તે જ છે શીખવનારને શીખવવાની કંઈ વિશેષ માહિતી કે કેમ શીખવવું તેની કિંચિત સૂચના પણ કોઈ પુસ્તકમાં જોવામાં આવતી નથી, એથી આ કામ કેવળ કઢંગી સ્થિતિમાં ગમે તેમ ચાલ્યું જાય છે.

૯૦ "આમ જ કરવું અને આમ ન જ કરવું" એટલે વિધિ નિષેધનો ઉપદેશ એકાંતે શ્રી ભગવંત કરતા નથી, પરંતુ પ્રસંગ અનુસરતું સરળ અસદ્ય ભાવેજ કરવા વર્તવાનો તેઓ શ્રી ખાસ આગ્રહ કરે છે ખોટી ખેંચતાણ કહી નાહક વીર્યના દુરુપયોગ સાથે આત્મ વંચના-આત્મ દ્રોહથી દુર રહેવા તેમનો ઉપદેશ હોય છે.

૯૧ પવિત્ર જૈન શાસાનની રક્ષા ખાતર તેમજ આપણા પતિ સમાજની ઉન્નતિની ખાતર સહુ શાસન પ્રેમી ભાઇ બ્હેનોએ સમય ઓળખીનો સ્વ-પર હિતની રક્ષાને વૃદ્ધિ થાય તેવા દરેક સદુપાય આ દરવા ઉજમાળ થવું જ જોઇએ ઉપેક્ષા કરવાથી તો અધિકાધિક હાનિને બગાડો થવા પામે છે.

૯૨ પદ્માસનાદિક ધ્યાનનાં આસનોનો અભ્યાસ મહાવરો રાખવાથી અને શુદ્ધ દેવગુરુના ઉત્તમ ગુણોનું ધ્યાન એકાગ્રતા વડે કરવાથી મનને વચનનો જય થવાને અંગે તન-મનની શુદ્ધિ થતાં પ્રસન્નતા વધે છે.

૯૩ ચિત્તની પ્રસન્નતા બની રહેવાથી અનેક લાભ થાય છે, રોગો ટળે છે, નવા રોગ થતા નથી અને આત્માનું સહજ સ્વાભાવિક સુખ અનુભવાય છે. નકામા સંકલ્પ વિકલ્પ શુભ ધ્યાન બળથી સમાવી દેવાથી એ અપૂર્વ ફળ મળે છે.

૯૪ પરમાત્માને તેના ખરા સ્વરૂપમાં ઓળખવાથી જ તમે મૃત્યુથી તથા દુઃખથી બચશો અને મોક્ષનો સર્વોચ્ચ આનંદ સ્વરૂપતાને પ્રાપ્ત થઇ શકશો.

૯૫ ધ્યાન એટલે પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન એકાગ્ર થવું અને જડ-અધ્યાત્મ ભાવનો નાશ કરવા મન વચન-કાયાની એકાગ્રતા (એકતા)થી હૃદયનો સાચો સહકાર હોયતો ધ્યાન સાચું સફળ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯૬ જે સુખ આત્માને આધિન છે સ્વતંત્ર સ્વાભાવિક સુખ જ સાચું છે, બાકીનું બધું પરાધીન સુખ ફકત કલ્પિત-તુચ્છ અને ક્ષણિક જોત જોતામાં હતું નહોતું થઇ જાય એવું વૃથા નામ માત્ર છે.

૯૭ પૂર્વ દિશા કે ઉત્તર દિશા કે ઇશાન કોણ તરફ મુખ રાખીને યથોચિત (અનુકુળ-નિશ્ચિત) સમયે સુખ આસને બેસી પ્રસન્ન મુખ એવા વિક્ષેપ રહિત તેમજ પ્રમાદવર્જિત મુનિએ નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થાપીને-નેત્ર સ્થીર કરીને ધ્યાન કરવું.

૯૮ જે વખતે શારીરિક કે માનસિક કશો ઉપદ્રવ નડે નહિં એવો બનતાં સુધી પ્રભાતનો સમય ધ્યાનને માટે સર્વોત્તમ લેખી નક્કી કરી લેવો સ્થાન પણ એવું જ શાંત નિરૂપદ્રવ પસંદ કરવું. અને સુખે કરી શકાય એવા એકાદ સ્થિર આસને રહી ધ્યાનની શરૂઆત કરવી.

૯૯ ધર્મધ્યાનને ધ્યાતા તેમજ નિત્ય ભયભીત, અત્યંત ક્ષમાયુકત અભિમાન રહિત માયાદોષ મુકત હોવાથી નિર્મળ, સર્વ તૃષ્ણાવર્જિત, ગ્રામ અને અરણ્ય તથા શત્રુ અને મિત્રમાં સમચિત્ત વાંસનાવડે અંગછેદન કરનાર પ્રત્યે સમભાવી-સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર, અત્યંત અપ્રમત્ત, પ્રશસ્ત યોગ વડે અધ્યવસાયની વિશુદ્ધિથી વિશુદ્ધ થતાં અને ચારિત્રની અતિ વિશુદ્ધિને તથા લેશ્યા વિશુદ્ધિને પામીને કલ્યાણ મૂર્તિ એવા મુનિને ઘાતીકર્મના એક દેશના ક્ષયથી ઉત્પન્ન થયેલું મહાપ્રભાવવાળું અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

૧૦૦ તમારામાં તમારો સ્વાત્મા-તમારૂં સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વ જ્યોતિઓની જ્યોતિ-નિર્મળ સવર્ણનીય સ્વર્ગોનું સ્વર્ગ વિરામ માન છે. તમારો આત્માસદા સજીવની અજર-અમર છે, તો પછી તમે પોતે તમને શા માટે નાના નજીવા તુચ્છ સમજો છો? આનંદી ઉત્સાહી અને સુખી બનો.

૧૦૧ જે કોઇ મનુષ્ય ૐ (પ્રણવ) શબ્દનું ગાન (ધ્યાન) કરે છે, તેનું મન સ્થિર બને છે, તેના સર્વ વિચાર અને સર્વ લાગણીઓ સમતોલ બને છે, તે આત્મામાં શાંતિ રેડે છે ને મનને ઈશ્વિર (પવિત્ર આત્મા) સાથે જોડી દે છે ૐ શબ્દની સર્વ વ્યાપકતા ને શકિત અજબજ છે.

૧૦૨ અવાચ્ય, અગમ્ય અને અતકર્મને જ્યારે પહોંચાય છે, ત્યારે જ આ પ્રણવનો ઉચ્ચાર સ્વાભાવિક રીતે થાય છે. ૐનું ગુંજન કરતાં પરમાત્મામાં જ ધ્યાન (મન) પરોવવાનું છે આત્મા જ નગદધન અને ખરૂં જીવન છે, તેનો સાક્ષાત્કાર કરો એટલે બસ.

૧૦૩ જે સમયે આ પવિત્ર મંત્રનો ઉચ્ચાર કરો તે સમયે સર્વ તન ને મનથી તેમાં જ મચી રહો. તમારા આત્મામાં ઓતપ્રોત થઈ જાઓ. મનસા-વાચા -કૃત્યથી પ્રણવ મંત્ર (ૐ)નો ઉચ્ચાર કરો તમારી રગેરગને નસેનસમાં આ મંત્રનો ધ્વનિ જાગ્રત કરો તમારા હ્રદયમાં તેના ધબકારા વાગવા દો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦૪ "આખા જૈન આગમનો સાર નિર્મળ ધ્યાન થોડા છે" આનો અર્થ સ્પષ્ટ છે કે આત્માને વિષે આત્માનું ધ્યાન કરવું.

૧૦૫ ૐ અર્હં નમઃ નો અખંડ જાપ મનને શુદ્ધ કાવા માટે હંમેશા કરવો. ક્ષમા-સમાન એક પણ બીજો ઉત્તમ તપ નથી.

૧૦૬ સમ્યકૃત્વ રહિત જ્ઞાન તે જ અજ્ઞાન, સમ્યકૃત્વ રહિત ચારિત્ર તે જ કષાય અને સમ્યકૃત્વ વિનાનું તપ તેજ કાપ કલેશ છે.

૧૦૭ આત્મારૂપી હીરા પાસેથી (રાગ-દ્વેષ ઉપાધિરૂપ) રંગીન વસ્તુ દુર ફેંકી દોને સત્યનો સાક્ષાત્કાર કરો, એટલે એ સર્વ શાંતિ પમાડશો તૃષ્ણાને પણ છીપાવશે અને તમારા અંતઃકરણમાંથી સર્વ દુઃખો અને મુશીબતો ને ઉપવાવી (હકારી) કાઢશે.

૧૦૮ સત્ય આત્માએ સાક્ષાત્કાર કરો એટલે જીવન મુક્ત થશોજ. ભય ન પામો, હેડ કસીને મેદાનમાં ઉતરો ને જન્મનો તમારો જે હક્ક છે તેને કબજે કરો. હું જ ઇશ્વર છું તેનો સાક્ષાત્કાર કરો. ૐ શાંતિ :—

—ઇતિહાસ—

"કપુર સૌરભ"નાં ૧૦૮ પુષ્પોની માળા સન્મિત્ર પૂજ્ય ગુરુદેવ શ્રી કર્પુર વિજયજી મહારાજ સાહેબનાં લેખસંગ્રહ ભાગ ૯ માંથી ચુંટીને શ્રી જૈન ધર્મપ્રકાશ માસિક ભાવનગર દ્વારા પ્રસારીત કરી પૂજ્ય ગુરૂદેવનું ઋણ અદા કરી કૃતા ર્થતા અનુભવું છું. તેઓશ્રીનાં લખાણમાં ન કહેણી રહેણીને કરણીનો ત્રિવેણી સંગમ છે એટલે તેઓશ્રીનાં વચનો ભવ્ય જીવોને અંતરમાં સૌરભ પ્રસરાવશે. તેઓશ્રીનાં ૧૩ વરસની મારી ઉંમરમાં થયેલા સત્સત્સંગમાં ફળરૂપે તેઓશ્રીએ વાવેલ બીજ નો મુંબઇમાં જીવદયા દ્વારા ભાવનગરમાં પાંજરાપોળ દ્વારા તળાજામા તાવધ્વજતીર્થમાં વિકાસ થયો 'અમર સાધના'નો પ્રકાશ થયો તેઓશ્રી ૧૯૨૫ માં જન્મ ૧૯૯૩નાં આસો વદી ૮ સિદ્ધક્ષેત્રમાં સ્વર્ગવાસ તેઓ ૬૮ વર્ષનું આયુષ્ય ૪૬ વર્ષનો દીક્ષા પર્યાય અજોડ અને આદર્શ સાધુ જીવન શાંત મૂર્તિ ઉપકારી ગુરૂવર્યના ઉત્તરાયણ ચરણે પુષ્પાજલી અર્પણ કરી વિરમું છું.

૨૦૩૪ તળાજા. અમરચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગમ-(શાસ્ત્રો)

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

આગમરૂપી સૂર્ય જ સત્ય તત્ત્વોનો પ્રકાશ કરે છે. માટે આગમને આંગળ કરીને જ આપણે મુક્તિનો પંથ કાપી શકીએ. આગમની સહાય વિના મોક્ષના સાર્ગો આગળ ન વધાય. આગમરૂપી આરીસામાં જોવાથી જ આરાધનાનું સત્ય-સ્વરુપ દેખાય સર્વજ્ઞના આગમોને આગળ કરીને ચાલનારો કદીયે અનર્થોનો ભોગ બનતો નથી. આગમના માર્ગ-દર્શન મુજબ જીવન પંથ કાપનારને તે પંથમાં મુશ્કેલી રૂપી પથરા, કાંકરા કે કાંટા આડા આવતા નથી. અને તે આડા રસ્તે કદી ચડતો નથી

આગમ પ્રત્યે અત્યંત આદર રાખવે, આ આગમ ભક્તિ જ આપણા આત્માને અગમ, અગોચર એવા મોક્ષ પ્રદેશની યાત્રા કરાવશે આ આગમ ભક્તિ જ આપણને ભૌતિક દુનિયામાંથી ઉંચકી આધ્યાત્મિક દુનિયાના અદ્ભુત અને અનુપમ આનંદની અનુભૂતિ કરાવશે. આગમ ભક્તિ જ આપણને ભગવાન સાથે ભેટો કરાવશે આગમ-ભક્તિ જ ભવના ભયને ભગાડશે આગમ ભક્ત માનવી એજ સાચો જિન ભક્ત છે જે આગમ ભક્ત નથી તે જિન ભક્ત નથી અપમતિનું વિસર્જન કર્યા સિવાય આગમ ભક્ત બનાતું નથી. આગમની ઓથ લીધા વિના અતિન્દ્રિય એવા આત્મા, પરમાત્મા, મોક્ષ વગેરેની શી ગમ પડવાની હતી? આગમ ભક્તિ કર્મની નિબિડ ગાંઠને પણ ઓગળી નાખે છે પહાડ જે વાકર્મોને પણ ભેદી નાંખે છે

"આગમને આગળ કરીને ચાલે તે આગળ જ વધે, આગમને પાછળ રાખી ચાલે તે પટકાય."

"સ્વની સાધના માટે મળેલો મોંઘેરો માનવ જન્મ, પરની સાધના પછવાડે વેડફીન ન ખાય"

"વસ્તુ સ્વભાવને ઓળખ્યા પછી અધ્યાત્મ માર્ગમાં આગળ વધવું સહેલું બની જાય છે."

સ્વાર્થી ગુરુઓ, પોતાના ભૌકિત સ્વાર્થ સાધવા ધર્મમાં મન ફાવે એ રીતે સિદ્ધાંતોમાં અને આચારોમાં ભરતા તત્ત્વો દાખલ કરી દે છે. તેથી તે મર્ધનું ઔષધ-ભવ રોગનો ઉચ્છેદ કરવામાં સમર્થ બનતું નથી. (બની શકતું નથી). ઊલટું ભવવ્યાધિને વધારી મૂકે છે. સર્વજ્ઞ સિવાય સંપૂર્ણ રીતે મોક્ષના અને સંસારના કારણોને ચોકસ રીતે કોણ જોઇ શકે? અને કોણ કહી શકે? ચોકસ વિધિ નિષેધોનું સચોટ નિરૂપણ સર્વજ્ઞ સિવાય કોઇ કરી શકે કરી શકે? માટે સમ્યગ્દર્શનવાળા આત્માને સર્વજ્ઞ મત-માંજ સત્યનું દર્શન થાય છે. માટે જ તે સર્વજ્ઞ મત સિવાય કેઈ મતને માનતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના કદીયે કોઇનું મોક્ષદ્વાર ઊઘડતું નથી. માટે સમ્યગ્દર્શનને મોક્ષનું દ્વાર કહેવાય છે. સમ્યગ્દર્શન ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. ધર્મ-મહેલનો પાયો છે. વ્રત-નિયમોને રહેવાની સલામત તિજોરી છે, ધર્મરૂપી રસને રહેવાનું ભાજન છે.

જે જીવને અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળની અંદર મોક્ષ જવાનું હોય તેને જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. બીજાને નહિ. આ સમ્યગ્દર્શન આવ્યા પછી, આત્મા કદીએ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો નથી. બાંધે તો નિયમા અંતઃ કોટા કોટી સાગરોપમની જ. આ સમ્યગ્દર્શન આવવાંથી જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન કહેવાય છે. ચારિત્ર તે સમ્યગ્ચારિત્ર કહેવાય છે અને તપ તે સમ્યક્ તપ કહેવાય છે આ સમ્યગ્દર્શનને જૈન શાસ્ત્રોમાં સમકિત-સમ્યક્ત્વ, બોધિ, દર્શન શબ્દોથી પણ સંબોધ્યું છે.

જે પદાર્થ જેવા સ્વરૂપે. જેવા સ્વભાવે ભાવે હોય, તે પદાર્થને તેવા જ સ્વરૂપે, તેવા જ સ્વભાવે ઓળખાવે તે સમ્યગજ્ઞાન કહેવાય

—卐—

ખબરદાર

માર્ગ હર્યો-ભર્યો છે, એમ જાણીને હે પ્રવાસિનૂ! અજાણ્યોને એકલવાયો પંથ ખેડીશ નહિ. એમ જાણીને પ્રવાસ ખેડનાર પથિક કંટક ને તાપ આવતાં થમી જાય છે; માટે કંટક મે તાપથી છવાયેલો છે, એમ જાણીને હિમ્મતપૂર્વક પ્રવાસ ખેડીશ તો હર્યો-ભર્યો માર્ગ આવતાં શાન્તિને વિશ્રામ; ઉત્સાહ ને આનન્દ મળશે!

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનનો અંધકાર કેવી રીતે દૂર કરશો ?

લેખક : દીપચંદ જીવણલાલ શાહ

ઘણીયેવાર એવું બને છે કે આરંભમાં સાધકની સામે મિત્ર વિચિત્ર પ્રશ્નો આવીને ઉભા રહે છે. પણ એકવાર તમારામાં સાધક તરીકેના તીવ્ર સંસ્કારો સ્થિર થયા પછી તમારા મનમાંથી ચિત્ર વિચિત્ર પ્રશ્નોનો ધીમે ધીમે ક્ષય થવા લાગશે.

મનમાં થયેલો અંધકાર તો અનેક જન્મનો હોય છે. એક કે બે દિવસમાં આ અંધકારને દૂર કરી શકાતો નથી. એક સત્ય તો દ્રઢ પણે સમજી લેજો કે મનની પકકડ આપણા ઉપર જ ખરી હોય છે. એટલે જો આ સંસ્કારોના હુમલાથી ગભરાયા તો ગયા સમજજો

શરૂઆતના દિવસોમાં હું માળા ફેરવવા કે ધ્યાનમાં લીન થવા પ્રયત્ન કરતો ત્યારે મારૂં મન મારી કફોડી દશા કરી નાંખવું મારામનની નીચી ભૂમિકા વિરાટ સ્વરૂપે પડી થઇ જતી મનમાં વિચારોનું હોવું થયા ફકત જીભ ઇશ્વરનું રટણ કરે બાકીની ઇંદ્રિયો તેમાં જોડાતી નહિ. હું વિહવળ બની જતો, મનના વિકારો એવો જોરદાર હુમલો કરતાં કે કેટલીકવાર હું ધ્રુજી ઉઠતો, મને એમ થવું કે ખરેખર મારૂં વ્યકિતનું આટલું કુરૂપ છે,

ગટર સાફ કરનાર જેમ જેમ ગટર સાફ કરતો જાય છે તેમ ચારે બાજુ બદબૂની પાત્રા પૂર્ણ પણે ફેલાઈ જાય છે. માથું ફાટી જાય તેવી નર્કાકાર વાસ મારે છે જયારે આપણા મનને દિવ્યતાનો સ્પર્શ થાય છે ત્યારે મનના વિકારો પોતાનું સ્થાન અડીખમ રાખવા માટે પોતાની તમામ શકિતનો ઉપયોગ કરે છે. આ સંસ્કારો અતિ શયોકિતનું સ્વરૂપ ધારણ કરીને આપણી સાધનાના સાત્વિક પ્રયાસોને પરાજય કરવા સંપૂર્ણ પ્રયાસ કરે છે. આ સ્થિતિ ગભરાવનારી હોય છે. સાધકને મુંઝવણ થાય છે કે આ બધું શું યાય છે ? આ બધું કેમ થાય છે ?

મનના સંસ્કારોને નવું સ્વરૂપ આપવાનું છે. એ માટે આપણી જાગૃતિના અનુસંધાનમાં જેટલા વર્ષ લાગે તેટલાં થવા દો એક તબકકો એવો આવશે કે જયારે મન નવા સંસ્કારોની દુનિયામાં નવીના જગી ભરી ઉષ્મા પ્રાપ્ત કરી શકશે. દ્રષ્ટિ બદલાઈ ગઈ હશે. અધકારનું સ્વરૂપ પ્રકાશમાં રૂપાન્તરીત થવા પામ્યું હશે.

અમુક વર્ષના જબરજસ્ત વિગ્રહ પછી આજે મારા મન ઉર્ધ્વ સંસ્કારોનો ઓપ આપી શકયો છું. આજે મને અપાર શાંતિ લાગે છે કોઇક દિવ્ય શકિત સાથે મન નિરતર એકતા સાધવા પ્રયત્ન કરી રહ્યું હોય તેમ લાગે છે ઘણીવાર અંદરથી કોઈ અગમ્ય આનંદનો ધોધ ધસમસતો પોતાની ધારદાર ગતિ કરી રહ્યો છે તેવો અનુભવ થાય છે. પણ આ સ્થિતિ હોવા છતાં મારે જાગૃતિ રાખવી પડે છે.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg. B.V.-37

ભૂખ્યા ને ભોજન

ભૂખ્યાને અન્ન દેવાને, તમારો હાથ લંબાવો
ભૂખ્યાને અન્ન આપીને, લઇ લ્યો લક્ષ્મીનો લ્હાવો ૧

નહિ છે દુઃખ આ જગમાં, વધારે ભૂખથી ભાઈ,
ભૂખ્યાના પેટ ઠારીને, કરી લ્યો પૂન્ય કમાઈ ૨

ભૂખ્યાની ભૂખની જ્વાલા, ભલાને પણ ભુલાવે છે,
અરેરે ભૂખની જ્વાલા, ભલાને ભીખ મંગાવે છે ૩

મળે છે પૂન્યથી લક્ષ્મી, અને પૂન્ય થાય છે દાને,
નકામો મોહ લક્ષ્મીનો, તમોને થાય છે શાને? ૪

વિષમ આ કાળ ચાલે છે, ભડાકા ભૂખના બોલે,
વિના કણ માનવો મરતા, દેખાયે ઉઘાડા ડોળે. ૫

તમારી શાંતિ સાચવવા, કરો તૃપ્તિ ક્ષુધાતુરની,
ભુખ્યાને રોટલો આપી, લીઓ આશિષ ક્ષુધાતુરની. ૬

અભય અન્ન દાન બે મોટા, વળી મહા પૂન્યના હેતુ
જીવો જીવાડી જીવો, જીવન પરમાર્થનો સેતુ. ૭

આપો આપો આ સમયે, ક્ષુધાં પીડિત માનવને,
ઠારો ઠારો એ જ્વાલા, 'અમર' દઇ અન્ને અન્ન માનવને.

તળાજા — અમરચંદ માવજી શાહ

પ્રકાશક : જયંતીલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેઇટ, ભાવનગર ફોન ; ૪૬૪૦

For Private And Personal Use Only